
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧. ઉઠોને મારા આતમરામ! (ચંદ્ર) ... ... ... ૨૨૦
૨. શ્રી ઋષભ પંચાશિકા સભાવાર્થ (ડો. ભગવાનદાસ) .. ૨૨૧
૩. વિરોધભાસ પરિહાર-પ્રકાશ (સ. ક. વિ.) ... ... ૨૨૪
૪. સમ્યગ્ જ્ઞાનની કુંચી. (પરમાત્માનું સ્વરૂપ) (અનુવાદ) ... ૨૨૭
૫. કર્મતત્ત્વ વિષયક શાસ્ત્રો-ગ્રંથો. ... ... ... ૨૩૦
૬. આત્માની શોધમાં (શ્રી મોહનલાલ ડી. ચોકસી) ... ... ૨૩૬
૭. પર્યુષણ પર્વ કઇ તિથિએ શરૂ કરવા? (શ્રી વિજયવલ્લભસૂરિ) ... ૨૩૯
૮. સ્વીકાર અને સમાલોચના... ... ... ... ... ૨૪૧
૯. મુનિરાજ શ્રી હિમાંશુવિજયજીનો સ્વર્ગવાસ ... ... ૨૪૨



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર (ભાષાંતર)

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ટિશ્લાકા પુરૂષ ચરિત્ર (મૂળ બે થી દશ પર્વો) પ્રત તથા બુકાકારે.
૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા (શ્રી યશોવિજયજીકૃત)
૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

જલદી મંગાવો તૈયાર છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ટિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧-૮-૦ પો. જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्म ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય-થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ-વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६३. वैशाख. आत्म सं. ४१. { अंक १० मो.

## ઉઠોને મારા આતમરામ !

ઉઠોને મારા આતમરામ !
શોધોને શીઘ્રું સુખદ ધામ !

રજની જોને શ્યામલ કાળી,
દિનું ન નામનિશાન;

દોડી દોડી થાકયો જીવલડો,
હોય ન આવ્યો આરામ ! ઉઠોને૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક વાઘા અંગ ધરીને,:
નાચ્યો તું આ સંસાર;
ખેલ તમાસા ખતમ થયા પણ,
થયો ન તુજ નિસ્તાર ! ઉઠોને૦

ત્વચા, જીભ ને નાક ચક્ષુ,
કાનનાં વિવિધ વિકાર;
રાચી રાચીને થાકયો તું ભૂંડા !
હોય ન તૃપ્તિ લગાર. ઉઠોને૦

ખેલ ખેલ્યા અતિ તેં ઘેલા !
ખામી ન રાખી કાંઇ;
ફેરા ફર્યો તું ઘાણી બળદ જેમ,
હતો ત્યાંનો ત્યાંય. ઉઠોને૦

સન્ત થયો કદી મહંત થયો,
વળી રાય ને રંક બહુ વાર;
સમતા વિણુ તું ફેર ફુદરડી,
ફર્યો તું વારંવાર. ઉઠોને૦

આ સંસારના ખારા પાણી,
મીઠો મેરામણુ મોક્ષ;
જાગને ચેતન ! ઉઠને આતમ !
હૈયે થાય સંતોષ. ઉઠોને૦

ઉઠોને મારા આતમ !
જાગોને મારા જુગતરામ !
ચેતોને મારા ચેતનરામ !
પીઓને પ્રેમલ અક્ષયપાન !

"ચંદ્ર"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિશ્રી ધનપાલપ્રણીત—

# ૠષભ પંચાશિકા.

## સમશ્લોકી ભાષાંતર ( સભાવાર્થ )

( ગતાંક પૃષ્ઠ ૧૨૬ થી શરૂ )

### ( જિનદર્શનથી શિવસુખ મળે ભવદુઃખ ટળે : ગાથા ૩૧–૩૨. )

**લીલાથી સુખ પમાડે, જેમ અન્ય તીર્થીઓ, તેમ ન તું;**
**તો પણ તુજ માર્ગ લાગી, શિવસુખ શોધે છે બુધ જનો. ૩૧.**

જેમ બીજા તીર્થીઓ લીલાથી સુખ પમાડે છે તેમ તું પમાડતો નથી, છતાં પણ ત્હારા માર્ગે લાગીને બુધજનો શિવસુખ શોધે છે ! !

અન્ય તીર્થીઓ કહે છે કે આ તો બધી પ્રભુની માયા છે, જગતના સુખ માટે આ બધી લીલા વિસ્તારી છે અને ધારો કે તેમ માની લઇએ તો પણ તેવો લીલાવિસ્તાર એ તો રાગ–દ્વેષાદિ દોષનો વિલાસ છે.

" કોઈ કહે લીલા રે, અલખ લલખતણી, લખ પૂરે મન આશ;
દોષ રહિતને રે, લીલા નવિ ઘટે, લીલા દોષ વિલાસ. "
—**શ્રી આનંદઘનજી.**

પણ નિર્દોષ મૂર્તિ વીતરાગ દેવ તો તેવી કોઇ લીલા કરતા નથી, એટલે તેવું કાંઇ માયિક સુખ આપતા નથી, ઊલટું તે તો માયિક સુખનો અંત કરનારા છે.

આમ હોવા છતાં ડાહ્યા પુરુષો વીતરાગમાર્ગનો–મોક્ષમાર્ગનો આશ્રય કરીને શિવસુખની કામના કરે છે તેનું કોઇ ગૂઢ કારણ હોવું જોઇએ, અને તે એ જ કે સાંસારિક–માયિક સુખ તો અલ્પકાલિક–ક્ષણિક છે, અસ્વાભાવિક છે, અસ્થિર છે અને દુઃખાન્વયી છે; જ્યારે મુક્તિસુખ સદાકાળ સ્થાયી છે, સ્વાભાવિક છે, સ્થિર છે અને એકાંત સુખ આનંદમય છે; અને એટલા માટે જ વિચક્ષણ પુરુષો તો સ્થિર સુખના અભિલાષી હોઈ જિનોક્ત મુક્તિ-માર્ગનો આશ્રય કરે છે એમાં કાંઇ આશ્ચર્ય નથી. અને તે માર્ગ કેવો છે ?

" વિશ્વવ્યાપિની અર્થ સાર્થ અવભાસિની,
ઝળહળ જેની જાગે જ્યોત અનંત જો;
અપૂર્વ એવી રત્નત્રયી અહિં રાજતી,
પ્રકાશમય કરતી આ આખો પંથ જો. "
" **વીતરાગનો માર્ગ** " —( **મનોનંદન** ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કાવ્યમાં પ્રથમ તો નિન્દાનો આભાસ થાય છે, પણ ગર્ભિત રીતે સ્તુતિ કરી છે; માટે આ **વ્યાજસ્તુતિલંકાર** છે. ( Praise in disguise ).

**અક્ષોથીય હરાતાં, સોગઠા જયમ સંસાર-ચોપટમાં;**
**તને દીઠે જિન ! જીવો, વધ-બંધ-મારણ પામે નહિં. ૩૨.**

આ સંસારરૂપ ચોપાટમાં, સોગઠાં જેમ અક્ષોથી ( પાસાથી અથવા ઇંદ્રિયોથી ) હરાઈ જતાં છતાં પણ જીવો, તને દીઠા પછી હે જિન ! વધ, બંધ કે મારણને પામતા નથી.

અત્રે સંસારને ચોપાટનું રૂપક આપ્યું છે. આ રૂપક સર્વથા યથાર્થ હોઈ બહુ વિચારવા યોગ્ય છે. તેમાં સોગઠારૂપ જીવો છે. જેમ ચોપાટમાં ચાર પટ હોય છે તેમ સંસારમાં ચતુર્ગતિરૂપ ચાર પટ છે. જેમ ચોપાટમાં સ્વગૃહ અને પરગૃહ હોય છે, તેમ સંસારમાં સ્વભાવરૂપ સ્વગૃહ અને પરભાવરૂપ પરગૃહ હોય છે. સ્વગૃહમાંથી ભ્રષ્ટ થઈ સોગઠા જેમ પરિભ્રમણ કરે છે અને સ્વગૃહમાં પુનઃ આવતાં તે પરિભ્રમણ અટકી જાય છે અને સ્વગૃહમાં મૂળ સ્થાને આવે છે; તેમ સંસારમાં આત્મા સ્વસ્વરૂપથી ભ્રષ્ટ થવાથી અનાદિની ભૂલથી પરિભ્રમણમાં પડે છે; અને પછી જ્યારે પાછો સ્વસ્વરૂપમાં આવે છે ત્યારે સ્વગૃહમાં પ્રવેશ કરી મૂળ સ્થાને આવે છે અર્થાત્ મુક્તિ પામે છે.

હવે ચોપાટમાં જ્યાં સુધી તોડ ન થાય ત્યાં સુધી સોગઠી પાકી ગણાતી નથી, અને ત્યાં સુધી સ્વગૃહમાં પ્રવેશ થઈ શકતો નથી; તેમ સંસારમાં પણ જ્યાંસુધી સમ્યગ્દર્શનરૂપ તોડ ન થાય ત્યાં સુધી ભવપરિણતિનો પરિપાક થતો નથી, અને નિજમંદિરમાં પ્રવેશ થઈ શકતો નથી, અને પરિભ્રમણ પુનઃ ચાલુ રહે છે. •તોડ થયો હોય પણ પાછી સર્વ સોગઠી મરી જાય તો પુનઃ પરિભ્રમણ કરવું પડે છે, તેમ સમ્યગ્દર્શનના સર્વ અંશનું વમન થાય તો પુનઃ ભવભ્રાંતિના ચક્રાવામાં પડવું પડે છે.

સોગઠી જ્યારે ફૂલ પર બેસે છે ત્યારે તેના વધ, બંધ કે મારણ થઈ શકતા નથી, તેમ જિનદર્શનરૂપ ફૂલ પર સ્થિતિ કરતા જીવના વધ, બંધ, મારણ થઈ શકતા નથી, એટલે કે નરક-તિર્યંચાદિ દુઃખ પામતા નથી, તેમજ જન્મ મરણાદિનો અંત આવે છે. કવચિત્ અન્ય સ્થાન સ્થિત સોગઠી જેમ અક્ષો (પાસા) એવા પડતાં હરાઈ જાય છે તેમ સમ્યગ્દષ્ટિ જીવ પણ અક્ષો(ઇંદ્રિયો)વડે હરાઈ જાય-આકર્ષિત થાય; તો પણ તેને તીવ્ર બંધનાદિ થતા નથી; કારણ કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"सम्मद्दिट्ठी जीवो, जय वि हु पावं समायरइ किंचि ।
अप्पोसि होइ बंधो, जेण न निद्धंधसं कुणइ ॥"
—શ્રી વંદિત્તાસૂત્ર.

તદુપરાંત જ્યારે જીવ જિનદર્શન પામે છે ત્યારે તે સ્વસ્વભાવમાં આવે છે, એટલે પુનઃ તે નિજ મંદિરમાં પધારી મુક્તિ પામે છે.

આમ અનેક પ્રકારે આ રૂપક ઘટાવી શકાય છે.

તરસ ન આવે હો મરણ જીવનતણો,
સીઝે જો દરિશન કાજ,
દરિશન દુર્લભ, સુલભ કૃપાથકી,
આનંદઘન મહારાજ !
—શ્રીમાન્ આનંદઘનજી.

## વિરાધકની નિગોદ સ્થિતિ : ગાથા ૩૩.

**તેં અવગણેલ જીવો, નિગોદે એક શ્રૃંખલાબદ્ધ થઇ;
કાળ અનંત વીતાવે, આહાર નીહાર સહ કરતાં. ૩૩.**

હે પ્રભુ! ત્હારી અવજ્ઞા પામેલા જીવો, નિગોદને વિષે શ્રૃંખલા–બદ્ધ થઇને, એકીસાથે જ આહાર–નીહાર કરતાં, અનંત કાળ વ્યતીત કરે છે

ભગવાનની અવજ્ઞા કરેલા જીવો નિગોદમાં જાય છે. વીતરાગ દેવને રાગ–દ્વેષ તો છે નહિં, તો પછી અવજ્ઞા કેમ? એ પ્રશ્ન થશે; પણ વાસ્તવિક રીતે તો ભગવાન્ સમભાવદર્શી છે, તેમની કૃપા તો સર્વ પ્રત્યે અસ્ખલિતપણે પ્રવહે છે. પણ તે અવિરાધક જીવને ફળે છે.

" તુજ કરુણા સહુ ઉપરે રે, સરખી છે મહારાજ !
પણ અવિરાધક જીવને રે, કારણ સફળો થાય."
—શ્રીમાન્ દેવચંદ્રજી.

ભગવાનની કૃપાદૃષ્ટિ ફળે એવી તથારૂપ યોગ્યતા જીવમાં નહિં હોવાને લઇને, અને વિરાધકપણાને લઇને જીવને નિગોદમાં જન્મવું પડે છે, અને તેમાં અનંત કાળ નિર્ગમવો પડે છે.

અને તે નિગોદમાં જાણે એક સાંકળે બાંધ્યા હોય એમ અનંત જીવો એકસાથે જન્મે છે, એક સાથે આહાર કરે છે, એક સાથે નીહાર કરે છે, એક સાથે શ્વાસોશ્વાસ લે છે, એક સાથે મરે છે, સમસ્ત ક્રિયા એકપણે કરે છે. એવા મહાદુઃખદ નિગોદમાં આજ્ઞા વિરાધકપણાને લઇ અનંત કાળ સ્થિતિ કરવી પડે છે. —(ચાલુ)

—ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## " વિરોધાભાસ પરિહાર–પ્રકાશ "

હે પ્રભુ! પરીષહોની સેનાનો પરાભવ કરતા અને ઉપસર્ગોને દૂર ટાળતા એવા આપે શમ–અમૃતને પ્રાપ્ત કરેલ છે. મ્હોટાની એવી કોઇ અદ્ભૂત ચતુરાઇ છે. ૧.

હે વીતરાગ! રાગ રહિત છતાં આપે મુક્તિ–સ્ત્રીનો ભોગ કર્યો; અને દ્વેષ રહિત છતાં આપે કામ–ક્રોધાદિ અંતરંગ શત્રુઓનો ક્ષય કર્યો છે. અહો! મહાપુરુષોનો મહિમા કોઈક અપૂર્વ અને જેવા તેવાથી પ્રાપ્ત ન થાય તેવો છે. ૨.

સર્વથા પરપરાભવની ઇચ્છા રહિત અને પાપથી બ્હીતા એવા આપે ત્રણે જગત જીતી લીધાં. મ્હોટા પુરુષોની એવી કોઇ અપૂર્વ ચાતુરી છે. ૩.

હે પ્રભુ! આપે કોઇને કંઇ દીધું નથી તેમજ કોઇ પાસેથી કંઇ પણ લીધું નથી તો પણ આપને પ્રભુત્વ પ્રાપ્ત થયેલું છે. એવી પંડિત પુરુષોની કોઈ અપૂર્વ કળા છે. ૪.

સ્વદેહના દાનવડે બુદ્ધાદિકે જે સુકૃત્ય ઉપાર્જન ન કર્યું તે ઉપકારિત્વ લક્ષણ સુકૃત્ય મધ્યસ્થ છતાં આપના પાદપીઠે આવી પડયું (આપને તે સહેજે સંપ્રાપ્ત થયું.) ૫.

રાગાદિક શત્રુઓ ઉપર નિર્દય (કઠોર) અને સર્વ જીવો ઉપર કૃપાળુ એવા આપે ભીમ–કાન્ત ગુણોવડે ધર્મચક્રીપણાનું ભારે સામ્રાજ્ય સ્વાધીન કરી લીધું. ૬.

અન્ય લૌકિક દેવોમાં સર્વ રીતે સર્વ દોષો છે ત્યારે આપનામાં સર્વ રીતે સર્વ ગુણો છે. આ આપની સ્તુતિ જો અસત્ય હોય તો સભ્યજનો પ્રમાણ બતાવો અને સત્ય હોય તો સહુ સભ્યજનો તેનો સ્વીકાર કરો. ૭.

અહો ઇતિ આશ્ચર્યે! હે વીતરાગ! સ્તવના કરતા એવા મ્હને મ્હોટાથી મ્હોટા અને ઈન્દ્રાદિકને પણ પૂજ્ય એવા આપશ્રી સ્તુતિવિષયમાં આવ્યા છે. ૮.

### " સહજ જ્ઞાનગર્ભિત વૈરાગ્યનિરૂપણ પ્રકાશ. "

હે પ્રભુ! પૂર્વભવમાં સ્પષ્ટ પુનઃ પુનઃ અભ્યાસથી આપે વૈરાગ્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી રીતે પ્રાપ્ત કરેલ છે કે આ તીર્થંકરના ભવમાં તે વૈરાગ્ય જન્મ-પર્યન્ત સહજ ભાવને પ્રાપ્ત થએલ છે. ૧.

હે નાથ ! સમ્યગ્ રત્નત્રયીના આરાધનમાં કુશળ એવા આપને સુખ હેતુમાં જેવો નિર્મળ વૈરાગ્ય વર્તે છે તેવો ઇષ્ટ વિયોગાદિ દુઃખ હેતુઓમાં સંભવતો નથી. આશય એવો છે કે દુઃખ હેતુથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય રોગીલાં માણુસને ઉપજતાં વૈરાગ્ય જેવો ક્ષણિક-પતંગીયો હોય છે અને સુખ હેતુઓનું એકાન્ત અનિત્યપણું સમજાયાથી જાગેલો વૈરાગ્ય કાયમ ટકી શકે એવો હોવાથી તે મોક્ષ પર્યંત સુખદાયી નીવડે છે. ૨.

વિવેકરૂપી સરણુ ઉપર વૈરાગ્યરૂપી શસ્ત્રને સજી આપે એવું તીક્ષ્ણ-અણીદાર કર્યું છે કે તે મોક્ષરૂપ મહાનંદમાં પણ સંપૂર્ણ સામર્થ્યપણું બની રહ્યું છે; લગારે ફીકું પડયું નથી. ૩.

હે નાથ ! જ્યારે આપ ઈંદ્રાદિકની સાહેબી ભોગવો છો ત્યારે પણ ગમે ત્યાં આપને સમભાવરૂપ વૈરાગ્ય જ વર્ત્તે છે. આપ એમજ જાણો છો કે ઉદય આવેલું કર્મ ભોગવ્યા વગર છૂટકો નથી જ. એવી રીતે જ્ઞાનદ્રષ્ટિથી સમભાવે વર્તતાં તે ભોગ નિર્જરારૂપે થાય છે. ૪.

જો કે આપ સદાય વિષયસુખથી વિરક્ત જ છો તો પણ જ્યારે સંયમ ગ્રહો છો ત્યારે આપનો વૈરાગ્ય ઉગ્ર હોય છે. ભુક્તભોગી થયાથી હવે આ વિષયસુખથી સર્યું એવી શુદ્ધ ભાવનાથી વૈરાગ્ય સહેજે સતેજ થાય છે. ૫. સુખમાં, દુઃખમાં, ભવમાં કે મોક્ષમાં જ્યારે આપ સમભાવ રાખો છો ત્યારે આપને વૈરાગ્ય જ છે. આપ કયાં [ કયા સ્થળે ] વિરક્ત નથી ? અપિતુ આપ સર્વત્ર વૈરાગ્યવાન્ વર્ત્તો છો જ. ૬.

દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યમાં જ્યારે અન્ય દર્શની નિમગ્ન છે ત્યારે આપનામાં તો કેવળ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ એક્તાને પામેલું છે. ૭.

હે વીતરાગ ! સમભાવમાં વર્ત્તતા છતાં પણ સદાય સમસ્ત જગતનો ઉપકાર કરનાર અને તેનું પાલન કરનાર વૈરાગ્યમાં સાવધાન અને પરબ્રહ્મ-સ્વરૂપ એવા આપને અમારો નમસ્કાર હો ! ૮.

## " હેતુ નિરાસ-પ્રકાશ "

હે વીતરાગ ! આપ મુક્તિપુરીમાં સિધાવ્યા છતાં પ્રાણીઓને વગર-માગ્યા સહાયદાતા છો, સ્વાર્થવગર હિતકારી છો, પ્રાર્થના કરાવ્યા વગર પરો-પકાર કરનારા છો અને નિષ્કારણ ( સગાસંબંધ વગર ) બંધુ છો. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે પ્રભુ ! આપ મમત્વ વગર સ્નિગ્ધ મનવાળા છો, માર્જન વગર ઉજ્જવળ વાણીવાળા છો, પ્રક્ષાલન કર્યા વગર નિર્મળ આચારવાળા છો; તેથી જ શરણે કરવા યોગ્ય એવા આપનું શરણ હું આદરું છું. ૨.

નિષ્કષાય ( કષાય વગર ) વીરવૃત્તિવાળા, મન અને ઇંદ્રિયોને દમનારા અને શાન્તવૃત્તિનું સેવન કરનારા એવા આપે હે પ્રભુ ! વાંકા કર્મ–કંટકને ખૂબ કૂટી નાંખ્યા છે–કર્મદળનું નિર્દલન કરી નાંખ્યું છે. ૩.

રૂદ્ર નહીં એવા મહાદેવ, ગદા અથવા રોગ રહિત એવા વિષ્ણુ અને રજોગુણ રહિત એવા બ્રહ્મા અથવા જ્ઞાનસ્વરૂપ એવા કોઇ અનિર્વાચ્ય પરમાત્માને અમારો નમસ્કાર હો ! ૪.

હે પ્રભુ ! જળ સિંચ્યાવગર ફળથી લળી પડતા, અખંડપણાથી ગૌરવવાળા, અને અચિન્તિત ફળને દેવાવાળા કલ્પવૃક્ષ સમા આપથકી હું આ લોક–પરલોક સંબંધી ફળને પામું છું. ૫

નિર્મોહી છતાં સર્વજનોના સ્વામી, મમતા રહિત છતાં દયાળુ અને મધ્યસ્થ છતાં વિશ્વપાલક એવાં આપનો હું અનઘ–નિષ્પાપ કિંકર છું. વગર ગોપવેલાં સાક્ષાત્ રત્નનિધાન કર્મરૂપી વાડરહિત. ૬

કલ્પવૃક્ષ અને અચિન્ત્યે ચિન્તામણી રત્ન સમા આપને મેં આ મારો આત્મા અર્પણ કર્યો છે. ૭.

હે વીતરાગ ! જ્ઞાનાદિકના ફળરૂપ સિદ્ધપણાનું જે યથાસ્થિત સ્મરણ તેમાં હું ભીનો નથી, અને આપ તો સિદ્ધ થયાથી ફળરૂપ દેહવાળા જ છો; તેથી કર્તવ્ય–કર્મમાં વ્યામૂઢ એવા મારા ઉપર આપ એવી કૃપા કરો કે હું પણ આપની પેરે સ્વકર્તવ્યપરાયણ રહી, કર્મ–જાળને તોડી નાંખી સિદ્ધદશાને પામું. ૮. ઈતિશમ્

**નોટ:**—ઉપરોક્ત ત્રણ પ્રકાશ ( ૧૧–૧૨–૧૩ ) વીતરાગસ્તોત્રના સ્વકૃત અનુવાદમાંથી સહજ સુધારા સાથે ઉદ્ધરી મોકલ્યા છે તેમાં મૂળ કર્ત્તા આચાર્ય મહારાજની શ્રી વીતરાગ પરમાત્મા પ્રત્યે કેવી ને કેટલી ઊંડી શ્રદ્ધાભરી ભક્તિ છે તે સૂચિત થાય છે અને શ્રી કુમારપાળ ભૂપાળ જેનો સદાય સ્વાધ્યાય કરતા અને ઉત્તમ સંસ્કાર મેળવતા તેમ કોઇપણ શુદ્ધ તત્ત્વમાર્ગના ગવેષક અને પૂર્ણ પ્રીતિ–રુચિવાળા સજ્જનો પણ એનો અલભ્ય લાભ મેળવી પોતાને કૃતાર્થ કરે એમ અંતરથી ઇચ્છી તેવા ખપી સજ્જનોને યોગ્ય પ્રેરણાપૂર્વક અત્ર વિરમાય છે. ઇતિશમ્.

( સદ્દ૦ મુનિ શ્રી કર્પૂરવિજયજી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## પરમાત્માનું ( જૈન દૃષ્ટિએ ) શુદ્ધ સ્વરૂપ.

### ( જુદા જુદા દર્શનો તે માટે શું કહે છે? )

( ગતાંક પૃષ્ઠ ૧૫૦ થી શરૂ )

જે મનુષ્યમાં સંપૂર્ણ વિદ્યા હોય, સુંદર વિવેકશક્તિ પણ હોય તેનો આનંદ અધિક થઇ પડે એ સહજ સમજી શકાય તેમ છે. જે આત્મા સર્વજ્ઞ હોય, જે સર્વ આશંકાઓથી સંપૂર્ણ રીતે મુક્ત થયેલ હોય તેનો આનંદ સંસારીના આનંદ કરતાં ઉત્કૃષ્ટ કોટિનો હોય એ નિર્વિવાદ છે. સર્વજ્ઞનો આનંદ ખરેખર કલ્પનાતીત છે. એ આનંદનું કોઇ પણ રીતે માપ કાઢવું કે ગણત્રી કરવી એ અશકયવત્ છે.* સર્વજ્ઞોની પરમ આનંદમય સ્થિતિનું ભાષાથી બહુ જ સ્વલ્પ નિદર્શન થઇ શકે. ભાષાથી સર્વજ્ઞોનાં પરમ સુખની યથાર્થ ઝાંખી ન જ થાય. ભાષા બુદ્ધિની અનુગામી છે અને શબ્દો એ વિચારોનાં પરિધાનરૂપ છે. પરમ સુખરૂપ આનંદામૃતનાં આસ્વાદનની ઉત્કૃષ્ટ દશાનું ક્ષુદ્ર વાણીથી સ્વલ્પમાં સ્વલ્પ વર્ણન જ થઇ શકે. પરમ સુખમય દશાનું વાણીથી યથાર્થ વર્ણન થાય એ લેશ પણ સંભાવ્ય નથી.

પરમસુખ એ શાશ્વત્ દશા છે. કોઇ બાહ્ય કારણથી તેની લબ્ધિ થઇ શકતી નથી. પરમ સુખ એ આત્માનું સત્ય સ્વરૂપ છે. આત્માનાં વિવિધ બંધનોનાં નિઃસારણથી પરમ સુખનો આવિષ્કાર સ્વયમેવ થાય છે. મનુષ્ય કોઈ કાર્યમાં ચિરસ્થાયી વિજય પ્રાપ્ત કરે અને તેનાં ચિત્તમાં અમુક વસ્તુની ઊણપને અભાવે સંતોષ થાય એટલે તેનું નિરાશારૂપ પંકમાંથી ઊર્ધ્વગમન

---

* પરિમિતિની દ્રષ્ટિએ મનોભાવોમાં નૈસર્ગિક રીતે કશોયે ભેદભાવ હોતો નથી. જુદી જુદી વસ્તુઓ માફક, તેમની પરિમાણની દ્રષ્ટિએ તુલના થઈ શકે નહિ. મનોભાવોમાં જે ભિન્નતા હોય છે તે અતિશયતાની દ્રષ્ટિએ હોય છે. દરેક મનોભાવ ગુણ કે અતિશયત્વની દ્રષ્ટિએ એકેકથી ભિન્ન પડે છે. એક કે વિશેષ મનોભાવોનું નિઃસારણ થયાથી અમુક મનોભાવમાં અતિશયત્વ પ્રાપ્ત થાય છે. મનોભાવનું અતિશયત્વ ચિત્તની સંલગ્નતા ઉપર પણ નિર્ભર રહે છે. જુદા જુદા મનોભાવોથી ચક્ષુ આદિનાં દ્રશ્યમાં પરિવર્તન થાય છે એ સુવિદિત છે. ચક્ષુ આદિનાં દ્રશ્યથી ઘણીયે વાર મનુષ્યની આંતરિક દશાનો ખ્યાલ આવી શકે છે. પ્રેમ અને રોષ, સદ્ગુણ અને દુર્ગુણ એ વિગેરેની યથાયોગ્ય તુલના થઈ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. અસંતોષનું બંધન તૂટતાં સંતોષવૃતિ જાગે છે. આથી મનુષ્યને એક પ્રકારનો સવિશેષ આનંદ અવશ્ય થાય છે.

આનંદમાં ચિત્તને સુખચેન હોય, ઉત્સાહ હોય, દુઃખ કે દિલગીરી ન હોય. આનંદથી ચિત્ત ચિંતામુક્ત બને છે. દુઃખ અને ચિંતારૂપ કટુ બંધનોથી ચિત્ત વિમુક્ત થાય છે. આથી આત્માને પોતાનાં સાહજિક સ્વાતંત્ર્યની પ્રાપ્તિ થાય છે. આત્મા પરકીય વસ્તુઓથી કેટલેક અંશે પરાઙ્મુખ બને છે. ન્યાયાધીશ જ્યારે કોઇ આરોપીને દોષમુક્ત ઠરાવે છે ત્યારે આરોપીને ખૂબ આનંદ થઇ આવે છે. કેટલીક વાર તેના રોમાંચ પણ હર્ષથી વિકસ્વર થાય છે. ચિત્તમાંથી ચિંતા અને દુઃખનો ભાર નિઃશેષ થતાં ચિત્ત આનંદમાં મગ્ન થાય છે. ન્યાયાધીશના નિર્ણયથી દોષમુક્ત આરોપીનાં ચિત્ત આદિમાં તત્ત્વતઃ કંઇ પણ વૃદ્ધિ નથી થતી. આમ છતાં દોષારોપણને કારણે જે દુઃખ અને ચિંતાએ તેનાં ચિત્તમાં ઘર ઘાલ્યું હોય છે તે દુઃખ અને તે ચિંતાનું ઉન્મૂલન થાય છે. પોતે સર્વથા દોષમુક્ત છે એવા આભાસથી તે આનદમાં ફરેહરે છે. દોષમુક્ત ઠર્યાથી બીજાં અનેક દુઃખો અને ચિંતાઓનું પણ તાત્કાલિક ઉન્મૂલન થાય છે અને એ રીતે પણ એક વખતના આરોપીના આનંદમાં ઓર વધારો થાય છે. આરોપીનાં સ્વાતંત્ર્યની પૂર્વસ્થિતિમાં દુઃખ આદિના ઉદ્ભવને કારણે સ્વલ્પ આનંદનો જ તેને અનુભવ થઇ શકતો હતો. એ આનંદ પોતે દોષમુક્ત ઠર્યા બાદ કેટલાંક દુઃખો આદિનું તાત્કાલિક નિરસન થયાથી સાહજિક રીતે વૃદ્ધિંગત થાય છે. આનંદ એટલે આત્માનાં સ્વાતંત્ર્યની પ્રાકૃતિક સ્થિતિ એમ આ રીતે નિષ્પન્ન થાય છે.

સંસારનો આનંદ સર્વદા ક્ષણિક હોય છે. સંસારની અનેક ઘડમથલોને કારણે મનુષ્ય એવી સ્થિતિમાં પ્રાય મૂકાઇ જાય છે કે તેનાથી આત્માના કુદરતી આનંદનો અનુભવ થઇ શકતો જ નથી. કોઇ વાર આત્માનું અમુક બંધન કે અમુક ભાર કમી થાય છે એટલે કોઇ બીજા બંધનો કે ભાર આવી પડે છે. આવી રીતે આત્માને સહજ આનંદની પ્રાપ્તિમાં અનેક વિઘ્નો સદાકાળ નડયા કરે છે. આત્માથી સહજ આનંદ નથી અનુભવી શકાતો. અપ્રાકૃતિક અને અજ્ઞાનજન્ય જીવનથી દુઃખોમાં અહર્નિશ વધારો થયા કરે છે. આત્માનું સત્ય સ્વરૂપ દીવ્ય સુખ અને આનંદમય છે એવો સાક્ષાત્કાર કરવો એ સંસારમાં રચ્યાપચ્યા રહેલા મનુષ્યોને કષ્ટસાધ્ય લાગે છે.

આત્મા ઉન્માર્ગનો ત્યાગ કરી સત્ય પંથે સંચરે તો જ તેને બંધનરૂપ જંજીરો એક પછી એક તૂટવા માંડે છે. આત્માની સાહજિક દશાના આનંદની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝાંખી થવા માંડે છે. પારતંત્ર્યનાં બંધનોમાંથી મુક્ત થઇ સ્વાતંત્ર્ય દશાનો અનેરા આનંદનો આસ્વાદ થવા લાગે છે. મુક્તિ સુખની પ્રાપ્તિ માટે ઉત્કટ ઇચ્છા પરિણમે છે. મોક્ષરૂપી અમૃતપાનનો એક પ્રકારનો પૂર્વાનુભવ થવા માંડે છે.

આત્માની સર્વ જંજીરોનો વિચ્છેદ થતાં, આત્મા સાહજિક દશામાં જ વિલીન થાય છે. આત્મા પરમાત્મ પદ પ્રાપ્ત કરી સંપૂર્ણ સ્વતંત્ર અને સર્વજ્ઞ બને છે. આત્માને અપરિવર્તનશીલ પરમ સુખની શાશ્વત પ્રાપ્તિ થાય છે.

મનુષ્યના આનંદ અને વિશુદ્ધ સુખમાં પ્રમાણુની દ્રષ્ટિએ જ ભેદ છે એમ કહી શકાય. આનંદ દશામાં આત્માનું સ્વાતંત્ર્ય વ્યકત થાય છે. મનુષ્યનો આનંદ વિકૃત વિચારણા અને અપ્રાકૃતિક જીવનથી અનેક વાર અદ્રશ્ય થઇ જાય છે. મનુષ્યના આનંદનો આવિર્ભાવ આત્માનું કોઇ બંધન ઓછું થાય ત્યારે જ પ્રાયઃ થાય છે. બંધનો કમી થતાં આત્મામાં આનંદનો અતિરેક થાય છે. બંધનોનું પ્રાબલ્ય વધતાં આનંદ લુપ્ત થાય છે.

મનુષ્યનાં દુઃખની જેથી મુક્તિ થાય તેથી તેને સહજ રીતે આનંદ થાય છે એ આપણે જોયું. બાહ્ય ભાવોમાં નિમગ્ન થયાથી, આત્માથી પરાઙ્મુખ થયાથી દુઃખ થાય છે. આથી વૃત્તિઓ આત્માભિમુખ કરવાની ખાસ જરૂર છે. આત્માભિમુખતાથી આનંદનું સ્ફુરણ થવા માંડે છે. એ આનંદ સત્ય છે, ચિરસ્થાયી પણ છે. વિશ્વની કોઇ પણ વસ્તુ એવી નથી જેનો આનંદ સત્ય કે ચિરસ્થાયી હોય. વિશ્વની પ્રત્યેક વસ્તુનો આનંદ સર્વદા ક્ષણિક હોય છે.

બાળકને કોઇ ક્રીડા-વસ્તુની પ્રાપ્તિ થતાં જે આનંદ થાય છે તે આનંદ કોઇ નૂતન અન્વેષણથી કોઇ વૈજ્ઞાનિકને થતા અત્યંત આનંદ સાથે તુલનાની દ્રષ્ટિએ કંઇ પણ વિસાતમાં નથી એમ કહી શકાય. વૈજ્ઞાનિકનો આનંદ કુદરતના કોઈ ગુપ્ત નિયમના અન્વેષણ ઉપરથી ઉદ્ભવે છે, આથી એ આનંદ પ્રકૃતિજન્ય છે. વૈજ્ઞાનિકના આ આનંદ કરતાં ખરા આત્મજ્ઞાનીનો આનંદ ચઢી જાય છે. આત્મજ્ઞાનીનો આનંદ અન્વેષક વૈજ્ઞાનિકના આનંદ કરતાં અનેકગણો ઉચ્ચ કોટીનો છે. થોડા વખતની આત્માભિમુખતાથી આત્મજ્ઞાનીને વિશુદ્ધ આનંદ અને વિશુદ્ધ સુખની પ્રાપ્તિ થાય છે. આત્માની દેદીપ્યમાન જ્યોતિમાંથી તેને પરમ સુખ મળે છે. આત્માના ઝળહળતાં તેજમાંથી તેને પુનિત સુખની પ્રાપ્તિ થાય છે. સ્વાતંત્રની ચિરસ્થાયિતા એ આનંદની અતિશયતા અને સ્થિરતાનું કારણ છે એમ નિષ્પન્ન થાય છે.

(ચાલુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *કર્મતત્ત્વ વિષયક શાસ્ત્રો-ગ્રંથો.

કર્મનું સૂક્ષ્મ સ્વરૂપ જૈન શાસ્ત્રોમાં જેવું વર્ણવેલું છે તેવું અન્ય દર્શનકારોના શાસ્ત્રોમાં નથી, કારણ કે કેવળજ્ઞાની મહાપુરૂષો જ આવું સ્વરૂપ જણાવી શકે. કર્મનું સ્વરૂપ દરેકે દરેક જૈને જાણવું જ જોઈએ, અને તેનું શ્રદ્ધાપૂર્વક બરાબર જ્ઞાન થાય તો તે આત્મા સંસારનો અંત જલદી આણી પરમાત્મા બની શકે. જૈન મહાત્માઓએ લખેલા કર્મ સ્વરૂપના ગ્રંથો માત્ર જુજ સંખ્યામાં પ્રકટ થયેલા છે, પરંતુ શ્વેતાંબરીય અને દિગંબરીય કર્મતત્ત્વ વિષયક ગ્રંથો કેટકેટલા છે અને કયા મહાપુરૂષોએ કેટલા શ્લોક પ્રમાણમાં કયારે રચેલા તેની હકીકત જાણવી આવશ્યક હોવાથી નીચે પ્રમાણે આપીએ છીએ.

## શ્વેતાંબરીય કર્મ વિષયક શાસ્ત્રો.

| નંબર | ગ્રંથનું નામ | કર્ત્તા | શ્લોકપ્રમાણ | સમય વગેરે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | કર્મપ્રકૃતિ | શિવશર્મસૂરિ | ગા. ૪૭૫ | વિક્રમની પાંચમી સદીનો સંભવ છે. |
| | ,, ચૂર્ણી | | | ગ્રંથકારે પોતાનું નામ આપ્યું નથી પણ વિક્રમની બારની સદીની પહેલાનો હોવો જોઇએ. |
| × | ,, ચૂર્ણી ટિપ્પન | મુનિચંદ્રસૂરિ | શ્લો૦ ૧૯૨૦ | વિક્રમની બારમી સદી. |
| | ,, વૃત્તિ | મલયગિરિ | શ્લો૦ ૮૦૦૦ | વિક્રમની બારમી-તેરમી સદી. |
| | ,, વૃત્તિ | યશોવિજયોપાધ્યાય | શ્લો૦ ૧૩૦૦૦ | વિક્રમની અઢારમી સદી. |
| ૨* | પંચસંગ્રહ | ચંદ્રર્ષિ મહત્તર | ગા. ૯૬૩ | પોતાનો સમય ગ્રંથકારે આપ્યો નથી તેમજ કોઈ સ્થળે જોયો નથી. |

* ચત્વાર: કર્મગ્રંથમાંથી લીધેલ સંપાદક મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ, પ્રકટકર્ત્તા શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| નંબર | ગ્રંથનું નામ | કર્ત્તા | શ્લોકપ્રમાણ | સમય વિગેરે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| * | ,, સ્વોપજ્ઞ વૃત્તિ | ,, | શ્લો૦ ૯૦૦૦ | ,, |
| | ,, બૃહદ્ વૃત્તિ | મલયગિરિ | શ્લો૦ ૧૮૮૫૦ | વિક્રમની બારમી-તેરમી સદી. |
| × | ,, દીપક | વામદેવ | શ્લો૦ ૨૫૦૦ | વિક્રમની બારમી સદીનો સંભવ છે. |
| ૩* | પ્રાચીન ૭ કર્મગ્રંથ | ... | ગા. ૫૫૧ | આ ગ્રંથની ૫૪૭ અને ૫૬૭ ગાથાઓ પણ જોવામાં આવે છે. |
| * | (૧) કર્મ વિપાક | ગર્ગર્ષિ | ગા. ૧૬૮ | વિક્રમની દસમી સદીનો સંભવ છે. |
| * | ,, વૃત્તિ | પરમાનંદસૂરિ | શ્લો૦ ૯૨૨ | વિક્રમની બારમી-તેરમી સદીનો સંભવ છે. |
| * | ,, વ્યાખ્યા | ... | શ્લો૦ ૧૦૦૦ | ,, |
| × | ,, ટિપ્પન | ઉદયપ્રભસૂરિ | શ્લો૦ ૪૨૦ | વિક્રમની તેરમી સદીનો સંભવ છે. |
| * | (૨) કર્મસ્તવ. | ... | ગા. ૫૭ | રચનાકાળ અને પોતાનું નામ ગ્રંથકારે આપ્યું નથી. |
| * | ,, ભાષ્ય | ... | ગા. ૨૪ | ,, |
| * | ,, ભાષ્ય | ... | ગા. ૩૨ | ,, |
| * | ,, વૃત્તિ | ગોવિન્દાચાર્ય | શ્લો. ૧૦૯૦ | વૃત્તિકારે પોતાનો સમય આપ્યો નથી પણ સં. ૧૨૮૮ પહેલાંનો હોવો જોઇએ. |
| × | ,, ટિપ્પન | ઉદયપ્રભસૂરિ | શ્લો. ૨૯૨ ગા. ૫૪ | ૧૩ મી સદીનો સંભવ છે. |
| * | (૩)બંધસ્વામીત્વ | ... | ગા. ૫૪ | રચનાનો કાળ અને પોતાનું નામ ગ્રંથકર્ત્તાએ આપેલ નથી. |
| * | ,, વૃત્તિ | હરિભદ્રસૂરિ | શ્લો. ૫૬૦ | વિક્રમ સંવત ૧૧૭૨ |
| * | (૪) ષડશીતિ ભાષ્ય | જિનવલ્લભગણિ | ગા. ૮૬-૨૩ | ભાષ્યકારે પોતાનું નામ અને સમય આપેલ નથી. |
| * | ,, ભાષ્ય | ... | ગા. ૩૮ | ,, |
| * | ,, વૃત્તિ | હરિભદ્રસૂરિ | શ્લો. ૮૫૦ | વિક્રમની બારમી સદી. |
| * | ,, વૃત્તિ | મલયગિરિ | શ્લો. ૨૧૪૦ | ,, બારમી-તેરમી સદી. |
| | ,, વૃત્તિ | યશોભદ્રસૂરિ | શ્લો. ૧૬૩૦ | ,, બારમી સદી. |
| × | ,, પ્રા૦ વૃત્તિ | રામદેવ | શ્લો. ૭૫૦ | ,, ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| નંબર | ગ્રંથનું નામ | કર્ત્તા | શ્લોક પ્રમાણ | સમય વિગેરે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| × | ,, વિવરણ | મેરૂ વાચક | પત્ર. ૩૨ | વિવરણકારનો સમય વિવરણ જોયા સિવાય થઇ શકે નહિં. |
| × | ,, ઉદ્ધાર | ... | શ્લો. ૧૬૦૦ | રચનાકાળ અને કર્ત્તાનું નામ ગ્રંથ જોવાથી કદાચ મળી શકે. |
| | ,, અવચૂરિ | ... | શ્લો. ૭૦૦ | ,, |
| * | (૫) શતક | શિવશર્મસૂરિ | ગા. ૧૧૧ | વિક્રમની પાંચમી સદીનો સંભવ છે. |
| * | ,, ભાષ્ય | ... | ગા. ૨૪ | ગ્રંથકારે નામ અને સમય આપ્યો નથી. |
| * | ,, ભાષ્ય | ... | ગા. ૨૪ | ,, |
| * | ,, બૃહદ્ભાષ્ય | ચક્રેશ્વરસૂરિ | શ્લો. ૧૪૧૩ | વિક્રમ સંવત ૧૧૭૯. |
| * | ,, ચૂર્ણિ | ... | શ્લો. ૨૩૨૨ | રચનાકાળ અને સમય કર્ત્તાએ આપ્યો નથી. |
| * | ,, વૃત્તિ | મલધારી હેમચંદ્રસૂરિ | શ્લો. ૩૭૪૦ | વિક્રમની બારમી સદી. |
| * | ,, ટિપ્પન | ઉદયપ્રભસૂરિ | શ્લો. ૯૭૪ | વિક્રમની તેરમી સદીનો સંભવ છે. |
| * | ,, અવચૂરિ | ગુણરત્નસૂરિ | પત્ર ૨૫ | વિક્રમની પંદરમી સદી. |
| | (૬) સપ્તતિકા | ચંદ્રર્ષિ મહત્તર | ગા. ૭૫ | પોતાનો સમય ગ્રંથકારે આપ્યો નથી. |
| | ,, ભાષ્ય | અભયદેવસૂરિ | ગા. ૧૯૧ | વિક્રમની ૧૧-૧૨ મી સદી. |
| | ,, ચૂર્ણિ | ... | પત્ર. ૧૩૨ | રચનાકાળ અને કર્ત્તાનું નામ કદાચ ગ્રંથ જોવાથી મળી શકે. |
| | ,, પ્રા. વૃત્તિ | ચંદ્રર્ષિમહત્તર | શ્લો૦ ૨૩૦૦ | ગ્રંથમાંથી રચનાકાળ મળી શક્યો નથી. |
| | ,, વૃત્તિ | મલયગિરિ | ,, ૩૭૮૦ | વિક્રમની બારમી-તેરમી સદી. |
| * | ,, ભાષ્યવૃત્તિ | મેરૂતુંગસૂરિ | ,, ૪૧૫૦ | વિક્રમ સંવત ૧૪૪૯ |
| × | ,, ટિપ્પન | રામદેવ | ,, ૫૭૪ | વિક્રમની ૧૨ મી સદી |
| | ,, અવચૂરિ | ગુણરત્નસૂરિ | ... | વિક્રમની ૧૫ મી સદી. શ્લોકપ્રમાણ નવીન કર્મગ્રંથની અવચૂરિ સાથે ગણાયેલ છે. |
| * ૪ | સાર્દ્ધશતક | જિનવલ્લભગણી | ગા૦ ૧૫૫ | વિક્રમની ૧૨ મી સદી. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| નંબર | ગ્રંથનું નામ | કર્તા | શ્લોક પ્રમાણ | સમય વિગેરે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | ,, ભાષ્ય | ... | ગા૦ ૧૧૦ | ભાષ્યકારે નામ અને રચનાકાળ આપ્યો નથી. |
| | ,, ચૂર્ણિ | મુનિચંદ્રસૂરિ | શ્લો૦ ૨૨૦૦ | વિક્રમ સંવત ૧૧૭૦ |
| * | ,, વૃત્તિ | ધનેશ્વરસૂરિ | ,, ૩૭૦૦ | વિક્રમ સંવત ૧૧૭૧ |
| × | ,, પ્રા. વૃત્તિ | ચક્રેશ્વરસૂરિ | તાડપત્ર ૧૫૧ | રચનાકાળ પુસ્તક જોયા સિવાય કહી શકાય નહિ. |
| × | ,, વૃત્તિ ટિપ્પન | ... | શ્લો૦ ૧૪૦૦ | રચનાકાળ અને કર્તાનું નામ પુસ્તક જોવાથી નિશ્ચય કહી શકાય. |
| ૫ | નવ્ય પાંચ કર્મગ્રંથ | દેવેન્દ્રસૂરિ | ગા૦ ૩૦૪ | વિક્રમની ૧૩-૧૪ સદી. |
| | , સ્વોપજ્ઞટીકા (બંધસ્વામીત્વ વિના.) | ,, | શ્લો૦ ૧૦૧૩૧ | ,, |
| × | ,, અવચૂરિ | મુનિશેખરસૂરિ | ,, ૨૯૫૮ | રચનાકાળનો નિર્ણય પુસ્તક જોવાથી કદાચ થાય. |
| | ,, અવચૂરિ | ગુણરત્નસૂરિ | ,, ૫૪૦૭ | વિક્રમની પંદરમી સદી |
| * | (૨) બંધસ્વામીત્વ અવચૂર | ... | શ્લો૦ ૪૨૬ અ૦ ૨૮ | અવચૂરિકારે પોતાનું નામ તથા સમય આપ્યાં નથી. |
| × | (૩) કર્મસ્તવ વિવરણ | કમળસંયમોપાધ્યાય | શ્લો૦ ૧૫૦ | વિક્રમ સંવત ૧૫૫૯ |
| * | (૪) ૭ કર્મગ્રંથ બાળાવબોધ | જયસોમ | ,, ૧૭૦૦૦ | વિક્રમ ૧૭ મી સદી. |
| × | (૫) ,, | મતિચંદ્ર | ,, ૧૨૦૦૦ | રચનાકાળનો નિર્ણય પુસ્તક જોયા સિવાય થઇ શકે નહિં. |
| * | (૬) ,, | જીવવિજય | ,, ૧૦૦૦૦ | વિક્રમ સંવત ૧૮૦૩ |
| ૬ | મનઃસ્થિરીકરણ પ્રકરણ | મહેન્દ્રસૂરિ | ગા. ૧૬૦ | વિક્રમ સંવત ૧૨૮૪. |
| | ,, વૃત્તિ | ,, | શ્લો૦ ૨૩૦૦ | ,, |
| ૭ | સંસ્કૃત ચાર કર્મગ્રંથ | જયતિલકસૂરિ | ,, ૫૬૯ | વિક્રમની ૧૫ મી સદીનો પ્રારંભ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| નંબર | ગ્રંથનું નામ | કર્તા | શ્લોકપ્રમાણ | સમય વિગેરે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૮ | કર્મ પ્રકૃત્તિ દ્વાત્રિંશિકા | ... | ગા. ૩૨ | ગ્રંથકારે રચનાકાળ તથા પોતાનું નામ આપેલ નથી. |
| *૯ | ભાવપ્રકરણ | વિમળવિજય ગણી | ગા. ૩૦ | વિક્રમ સંવત ૧૬૨૩. |
| * | સ્વોપજ્ઞવૃત્તિ | ,, | શ્લો૦ ૩૨૫ | ,, |
| *૧૦ | બંધહેતુદય-ત્રિભંગી | હર્ષકુળગણી | ગા ૬૫ | વિક્રમની ૧૬ મી સદી. |
| * | ,, વૃત્તિ | વાનર્ષિગણી | શ્લો૦ ૧૧૫૦ | વિક્રમ સંવત ૧૬૦૨. |
| *૧૧ | બંધોદય સત્તા પ્રકરણ | વિજયવિમળ ગણી | ગા. ૨૪ | વિક્રમની ૧૭ મી સદીનો પ્રારંભ. |
| | ,, સ્વોપજ્ઞાવચૂરિ | ,, | શ્લો૦ ૩૦૦ | ,, |
| *૧૨ | કર્મ સંવેદ્ય ભંગ પ્રકરણ | દેવચંદ્રજી | શ્લો૦ ૪૦૦ | રચનાકાળ ગ્રંથ જોવાથી કદાચ મળી આવે. |
| ૧૩ | ભૂયસ્કારાદિ વિચાર પ્રકરણ | લક્ષ્મીવિજય | ગા. ૬૦ | વિક્રમની ૧૭ મી સદી. |

# દિગંબરીય કર્મતત્ત્વ વિષયક શાસ્ત્રો-ગ્રંથો.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧ | મહાકર્મ પ્રકૃતિ પ્રાભૃત (ષટખંડ શાસ્ત્ર) | પુષ્પદંત તથા ભૂતબલી | શ્લો૦૩૬૦૦૦ | અનુમાને વિક્રમની ચોથા–પાંચમી સદી. |
| | ,, પ્રા૦ટીકા | કુન્દકુન્દાચાર્ય | ,, ૧૨૦૦૦ | અજ્ઞાત છે. |
| | ,, ટીકા | શામકુન્ડાચાર્ય | ,, ૬૦૦૦ | ,, |
| | ,, કર્ણા૦ટીકા | તુમ્બલુરાચાર્ય | ,, ૫૪૦૦૦ | ,, |
| | ,, સં૦ટીકા. | સમન્તભદ્રાચાર્ય | ,, ૪૮૦૦૦ | ,, |
| | ,, વ્યા૦ ટીકા | બપ્પદેવગુરૂ | ,, ૧૪૦૦૦ | |
| | ,, ધવ૦ ટીકા | વીરસેન | ,, ૭૨૦૦૦ | લગભગ વિક્રમ સંવત્ ૯૦૮ |

* આવા ચિહ્નવાળા ગ્રંથો મુદ્રિત થયા છે. × આવા ચિહ્નવાળા ગ્રંથો હજી સુધી જોવામાં આવ્યા નથી, પણ બૃહત્ ટિપ્પનિકા અને ગ્રંથાવળીના આધારે નોંધ લેવાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૨ | કષાય પ્રાભૃત | ગુણધર | ગા. ૨૩૬ | અનુમાને વિક્રમની પાંચમી સદી. |
| | ,, ચૂર્ણિવૃત્તિ | યતિ વૃષભાચાર્ય | શ્લો૦ ૬૦૦૦ | ,, ,, છઠ્ઠી સદી. |
| | ,, ઉચ્ચા૦વૃત્તિ | ઉચ્ચારણાચાર્ય | ,, ૧૨૦૦૦ | અજ્ઞાત છે. |
| | ,, ટીકા | સામકુંડાચાર્ય | ,, ૬૦૦૦ | ,, |
| | ,, ચૂર્ણિ વ્યાખ્યા | તુમ્બલુરાચાર્ય | ,, ૮૪૦૦૦ | ,, |
| | ,, પ્રા૦ ટીકા | બપ્પદેવગુરૂ | ,, ૬૦૦૦૦ | ,, |
| | ,, જ૦ટીકા | વીરસેન તથા જિનસેન | ,, ૬૦૦૦૦ | વિક્રમની ૯–૧૦ સદી. |
| ૩ | ગોમ્મટસાર | નેમિચંદ્રસિદ્ધાંત ચક્રવર્તી | ગા. ૧૭૦૫ | વિક્રમની ૧૧ મી સદી. |
| | ,, કર્ણા૦ટીકા | ચામુન્ડરાય | ... | ,, |
| | ,, સં૦ ટીકા | કેશવવર્ણી | ... | ... |
| | ,, સં૦ ટીકા | શ્રીમદભયચંદ્ર | ... | ... |
| | ,, હિં૦ટીકા | ટોડરમલ્લજી | ... | ... |
| ૪ | લબ્ધિસાર | નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી | ગા. ૬૫૦ | વિક્રમની ૧૧ મી સદી. |
| | સં૦ટીકા | કેશવવર્ણી | ... | ... |
| | હિં૦ ટીકા | ટોડરમલજી | ... | ... |
| ૫ | સં. ક્ષપણાસાર સં. | માધવચંદ્ર | ... | વિક્રમની ૧૦–૧૧ મી સદી. |
| ૬ | સં. પંચસંગ્રહ | અમિતગતિ | ... | વિક્રમ સંવત ૧૦૭૩ |

૧ આ પરિશિષ્ટ પં. સુખલાલજીકૃત કર્મવિપાકના હિંદી અનુવાદમાંથી લીધેલ છે.

૨ આ સંખ્યા કર્મપ્રાભૃતની સંખ્યા સાથે મેળવીને લીધી છે. જૈનધર્મ શાસ્ત્રોમાં કર્મ વિષયક કેટલા ગ્રંથ હાલ મોજુદ રહ્યા છે તે જાણવા અભ્યાસીઓ માટે ઉપયોગી હોવાથી તેમજ કયા ગ્રંથો પ્રકટ થયેલા અને અપ્રસિદ્ધ છે, અથવા કયા ગ્રંથોના નામો જાણુમાં છે પરંતુ અલભ્ય હોય તો તેને મેળવી, લખાવી, છપાવી ભંડારોમાં રાખવા ઉપયોગી છે તેની જાણ જૈન સમાજને થવા આ ઉપયોગી નોંધ લેખરૂપે સંગ્રહીત કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં.

## આ તે ગોચરી!

પૂજ્ય ગુરૂદેવ, આપણા ચાલુ પ્રયોગને આજ મુલતવી રાખી, મારા આ મિત્ર સુધાકરના પ્રશ્ન સંબંધમાં આપ કંઈ અજવાળુ પાડશો. ઘર આંગણે પ્રવર્તી રહેલ પ્રથા અવશ્ય વિચારણીય છે.

વિનયકાન્ત, જો કે ચર્ચાત્મક વાતો મારા ક્ષેત્રની મર્યાદા બહારની છે એટલે એ સંબંધમાં હું ન–છૂટકે જ વાર્તાલાપ કરૂં છું છતાં જે જાતની ઇચ્છા અત્રે વ્યક્ત થઈ છે તેની ચર્ચા ઇષ્ટ છે. આત્માની શોધમાં એનો સમાવેશ થઇ શકે છે. વળી પ્રયોગ લંબાવવાની મારી જરા પણ ઇચ્છા નથી. આ કંઈ સિનેમાનું ચિત્રપટ નથી. સાક્ષાત્ ચિતારથી પરિસ્થિતિનો યથાર્થ ખ્યાલ આવે એ સારૂ મેં યોગબળે કેટલુંક દર્શન કરાવ્યું. હવે માત્ર એ પર કેટલીક વિચારણા કરી આ વિષયની પૂર્ણાહુતિ કરવાની છે.

વંદનીય સંત, હું ન તો કોઈ સાધ્વી પ્રતિ ટીકાની વૃત્તિથી કે ન તો એ સંસ્થા પ્રત્યેના કોઇ જાતના અભાવથી આપ સન્મુખ મારો પ્રશ્ન રજૂ કરૂં છું. એ પાછળ મારી જિજ્ઞાસા એ વર્તે છે કે એ રીતે ગ્રહણ કરાયેલ આહારને ગોચરી કહી શકાય કે? બેંતાળીશ દોષ રહિત એ ગણાય કે?

ગઇકાલનો મારો અનુભવ સવારમાં ચા–દૂધ વેળાનો તેમજ સાંજના આહારગ્રહણ વેળાનો! આ મહાતીર્થમાં–કર્મો પર જયશ્રી વરવાના આ પવિત્ર ધામમાં–સાધ્વીગણમાં આ પ્રકારની આહારલાલસા આટલી હદે મર્યાદા કેમ ઉલ્લંઘી ગઇ હશે એ પ્રશ્ન અદ્યાપિ પર્યંત મને મુંઝવી રહ્યો છે. પાંચ આદમીના કુટુંબમાં, સુપાત્રે દાન દેવાની ભાવનાથી, તેમજ તીર્થમાં સાધુ–સાધ્વીનો યોગ સવિશેષ છે એ વાત નજર સન્મુખ રાખીને જોઇએ તે કરતાં પાંચગણો વિશેષ ખોરાક તૈયાર કરવામાં આવ્યો. સવારે ચા–દૂધ વિના કેટલાક સાધ્વીઓને પાછા ફરવું પડેલું એટલે પુનઃ એવું ન બને તેટલા સારૂ ગોચરીના સમય પૂર્વે, સર્વ તૈયારી સમેટી, વહોરાવવાનું કાર્ય એક અનુભવી હસ્તમાં સુપ્રત કરાયેલ. ત્રણ વાગતાં જ સાધ્વીગણની હાર બંધાઇ. દેશમાં તો એક સાધુ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધ્વી ઘરમાં હોય તો બીજા તરતજ બીજી દિશામાં જાય છે પણ અહીં તો તેથી વિપરીત જ જોયું. એક પૂરા બહાર નિકળે નહીં ત્યાં તો બીજા 'ધર્મ-લાભ' કહેતાં પ્રવેશી રહ્યા હોય ! ત્રીજા વળી દ્વાર આગળ માર્ગપ્રતીક્ષા કરી રહ્યા હોય ! ગાયની માફક કે ભ્રમરની જેમ આહારગ્રહણની વાત જ્યાં ભલભલા સાધુઓને સ્મૃતિમાં નથી હોતી ત્યાં સાધ્વીવૃંદ માટે શું કહેવું ? વહોરીને બહાર નિકળતાં, તેમ અન્ય સાધ્વીને....ધર્મશાળામાં દૂધપાક છે, અમુકમાં રસપૂરી છે ઇત્યાદિ સૂચના આપતાં જ્યારે મેં એક કરતાં વધુ સાધ્વીઓને સાંભળ્યા ત્યારે મને લાગ્યું કે દૂધપાક કે રસ જેવા પદાર્થોએ અમારા એક પૂજ્ય ક્ષેત્રની મનોવૃત્તિમાં આટલી વિપુળ હદે સડો પેદા કીધો છે કે શું ? રસના ઇંદ્રિયનો જય કરવાની માત્ર વાતો જ થાય છે ને ! કેટલાક એકલ સાધુઓને અને જતિવેષમાં સાધુનો અંચળો ઓઢી પધારતાં ને ધર્મલાભનો આશીર્વાદ દેતાં મહાત્માઓને પાત્રા ભરતાં જોયા પછી–'જેવો તેવો સંયમી સિદ્ધાચળે પૂજનિક' એ વાક્યમાં શ્રદ્ધા કરવા મન ના પાડે છે. શ્રમણના વસ્ત્રો ઓઢવા માત્રથી સંયમી ધારી લેવામાં ઘણું નુકશાન જણાય છે. સંયમનો સાચો અર્થ લેવાય તો વાંધા જેવું ન ગણાય. પણ એ કાંટે તોલતાં કેટલી સંખ્યા ટકશે ? એક તરફ આ પાવન ભૂમિમાં રસોડા ખોલવામાં પુન્ય સમજનાર ગ્રહસ્થવર્ગ પડયો છે. તે માત્ર સુપાત્રદાનના એક જ દ્રષ્ટિબિન્દુથી કાર્યવાહી ચલાવે છે. પોતાની કૃતિદ્વારા આધાકર્મી આહાર ત્યાગીઓના પાત્રામાં પડે છે એ પ્રતિ ભાગ્યેજ તેનું ધ્યાન ખેંચાય છે પણ આ સામે કેવું વિલક્ષણ ચિત્ર ખડું થાય છે !

સંખ્યાબંધ સાધ્વીઓ ધર્મશાળાની ઓરડીઓ રોકી અહીં રહે છે ! અકેક ધર્મશાળામાં એક કરતાં વધુ જુદા ચોકા જન્મે છે. શહેરની ધર્મશાળા કરતાં આ વર્ગનો જમાવ બજારથી માંડી તળાટી જતાં માર્ગની સરાઓમાં અતિઘણો થાય છે ! આમ સહજ ગ્રહસ્થીઓનો પરિચય વધી પડે છે. સૌ કોઇ રોજ ડુંગરે ચઢતાં જ નથી. થોડા સાધ્વીઓ તો માંડ પ્હો ફાટયા પહેલાં નિકળવાથી શ્રમણ આચારને ક્ષતિ પહોંચે છે તે જોતાં જ નથી ! કોઇક જાણ્યા છતાં સાધુઓના નામે બચાવ કરે છે ! સાધુઓમાં પણ આ જાતની આછી પાતળી શિથિલતા ઘર કરતી જોવાય છે.

આ પ્રકારનું વર્તન કેમ જાણે ઓછું લજ્જાસ્પદ હોય તેમ કેટલાક સાધ્વી તો ગ્રહસ્થો પાસે ઉપકરણ કે પુસ્તક આદિના નામે પૈસા કઢાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓળખીતા બુકસેલર કે દુકાનદારને અપાવે છે અને પાછળથી ઉપકરણ વા પુસ્તક પાછું આપી કમીશન તરિકેની રકમ કાપી આપી, બાકીની રકમ પોતા થકી જમે કરાવે છે. સાધુધર્મમાં આ જાતની પ્રવૃત્તિને કેટલું સ્થાન સંભવી શકે ? ગુરૂદેવ, આ મારી અનુભવેલી વાત છે. આપ એ પર અન્ય પ્રકારનું જજમેન્ટ ન આપી શકો તેનું કંઇ નહીં છતાં શાસ્ત્રીય દ્રષ્ટિથી એમાં જે દોષાપત્તિ સમાયેલી છે તે દર્શાવવા કૃપા કરશો.

દેવાનુપ્રિય, તમારા જેવાની આ અનુભવેલી વાત હું વર્ષો થયા જાણું છું. મોટા મોટા આચાર્યો પણ એનાથી અજ્ઞાત નથી. એમાં ઉઘાડી શ્રમણ-ધર્મની અવહેલના છે. એ જાતની આહારગ્રહણ રીતિ કોઇ કાળે ગોચરીને નામે ન ઓળખાઇ શકે. બેંતાળીશ દોષ રહિત આહાર આ જાતનો ન ગણી શકાય. જ્યાં મહોલ્લામાં એક અનગારના પગલા થયાં હોય ત્યાં એ જાણીને અન્ય અનગાર બીજા જ મહોલ્લા તરફ સિધાવી જાય. આ આગમમર્યાદા છે ત્યાં એકકતાર કે લાઇન ખડી કરાય જ કેમ ? આ સિવાય કેટલીય બાબતો આજે ઉઘાડી રીતે ચારિત્રને અતિચાર પહોંચાડતી દ્રષ્ટિગોચર થાય છે.

પણ કરવું શું ? અગર થઇ શું શકે ? એ પ્રશ્ન મુંઝવી રહ્યો છે. ગચ્છના તોડ કરતાંયે વધુ તડાવાળી અમારી વર્તમાન દશામાં–સંખ્યાબંધ આચાર્યો, ઉપાધ્યાયો આદિ પદવીધરોમાં–કોની આજ્ઞા કોણે ઉઠાવવી એ ગુંચ અતિ કપરી છે ! નિર્નાયક દશા આજે તો છેલ્લા પાટલે ચઢી બેઠી છે ! મૂળને છંડી આજે સૌ કોઈ ડાળપાંખડામાં પડ્યા છે. આત્મત્વનું પિછાન અભરાઇ પર ચઢાવી આજે તો આડંબરના વાજાં વગડાવી રહ્યાં છે ! સૌ કોઇ હાર્દ જોયા વિના ભક્તિ કે પુન્યના નામે ગાડું ગબડાવે રાખે છે.

આ સંબંધમાં મારો જવાબ એક જ છે અને તે એ જ કે ' મારે મ્હારૂં જોવું. '

ચોકસી.

## ધન્યવાદ.

આ સભા તરફથી દરવર્ષે જેઠ શુદિ ૮ ના રોજ પવિત્ર શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ શ્રી ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતિ ઉજવી ગુરૂભક્તિ કરવામાં આવે છે. આ વર્ષ માટે તેવી રીતે ગુરૂ-ભક્તિનો ખાસ લાભ લેવા માટે ધ્રાંગધ્રાનિવાસી શેઠ પુરૂષોત્તમદાસ સુરચંદભાઇએ કુલ ખર્ચ આપવાનું સભાને જણાવેલ હોવાથી તેઓશ્રીનો ધન્યવાદ આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણા પર્વ કઈ તિથિએ શરૂ કરવા ?

## આ વર્ષે સંવત્સરી મહાપર્વ બીજી ચોથ ગુરુવારે કરવાનો નિર્ણય.
## આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો
## દાખલા-દલીલપૂર્વક અભિપ્રાય,
## તેમજ આગલા વર્ષમાં બનેલા પ્રસંગો.

સમગ્ર શ્રી તપગચ્છ સામાચારી આરાધક સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા-રૂપ શ્રી ચતુર્વિધ સંઘની સેવામાં સનમ્ર નિવેદન કરવાનું કે અમો આ વર્ષે સંવત ૧૯૯૩ ના ભાદરવા શુદિ બીજી ચોથ ગુરૂવાર તા. ૯-૯-૩૭ ના દિવસે શ્રી સાંવત્સરિક પર્વ કરીશું, જેનો કાર્યક્રમ નીચે મુજબ સમજવો.

### ( પર્યુષણા કાર્યક્રમ. )

૧ શ્રાવણ વદિ ૧૨ ગુરૂવાર ૨-૯-૩૭ પર્યુષણા પર્વ પ્રારંભ.

૨ ભાદરવા શુદિ ૧ રવિવાર ૫-૯-૩૭ કલ્પસૂત્ર પ્રારંભ.

૩ ભાદરવા શુદિ ૨ સોમવાર ૬-૯-૩૭ વીર જન્મોત્સવ.

૪ ભાદરવા શુદિ ત્રીજ, પહેલી ચોથ અને બીજી ચોથ ૭-૮-૯ સપ્ટેંબર મંગળ, બુધ અને ગુરૂ તેલાધર અઠ્ઠમ તપ.

૫ ભાદરવા શુદિ બીજી ચોથ ગુરૂવાર તા. ૯-૯-૩૭ ના શુભ દિવસે પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વ છમચ્છરી.

૬ ભાદરવા શુદિ પાંચમ શુક્રવાર ૧૦-૯-૧૯૩૭ ના રોજ છમચ્છરીના પારણા-સ્વામીવાત્સલ્યાદિ.

૭ બારસ તેરસ ભેગા છે તે યાદ રાખવું. વડાકલ્પનો છઠ્ઠ કરનારની ઈચ્છાનુસાર ગુરૂવાર શુક્રવારે અથવા તો શનિવાર અને રવિવાર થઇ શકે છે.

### વિશેષ નિવેદન.

સકલ શ્રી જૈન સંઘની સેવામાં નિવેદન કરવાનું કે ગુજરાવાળા (પંજાબ) શ્રી વિજયાનંદસૂરિજી જૈન શ્વેતાંબર કમીટીના સેક્રેટરી ચોધરી લાલા દીનાનાથ દુગ્ગડ જણાવે છે કે-"અમારા શહેરના ધર્માદા ચોપડા જોતાં માલમ પડે છે કે સંવત ૧૯૩૦ માં ભાદરવા શુદિ પાંચમો બે હતી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલી પાંચમને બીજી ચોથ માની ભાદરવા શુદિ બીજી ચોથ મંગળવાર ૧૫-૯-૧૮૭૪ ના રોજે છમચ્છરી થઈ છે.''

" સંવત ૧૯૩૧ માં બે ચોથો હતી. એટલે ભાદરવા શુદિ બીજી ચોથ શનિવાર ૪-૯-૧૮૭૫ ના રોજે છમચ્છરી થઈ છે.''

" સંવત ૧૯૫૭ માં પણ ભાદરવા શુદિ ચોથો બે હતી. બીજી ચોથ મંગળવાર ૧૭-૯-૧૯૦૧ ના દિવસે છમચ્છરી થઈ છે. ''

આજ કાળમાં વિચરતા પ્રાયઃ તપગચ્છના કુલ સાધુ-સાધ્વી સ્વર્ગવાસી ગુરૂદેવ ૧૦૮ શ્રી દાદા મણિવિજયજી મહારાજના પરિવારમાં છે.

૧૦૮ દાદા શ્રી મણિવિજયજી મહારાજના સુશિષ્ય ૧૦૦૮ શ્રી બુદ્ધિવિજયજી ( બુટેરાયજી ) મહારાજ તેમના સુપ્રસિદ્ધ શિષ્ય ૧૦૮ ગણી શ્રી મુક્તિવિજયજી ( મૂળચંદજી ) મહારાજ ૧, શ્રી ૧૦૮ વૃદ્ધિવિજયજી ( વૃદ્ધિચંદજી ) મહારાજ ૨, શ્રી ૧૦૮ નીતિવિજયજી મહારાજ ૩, કાઠીયાવાડમાં સુપ્રસિદ્ધ તપસ્વી દાદા શ્રી ૧૦૮ ખાંતિવિજયજી મહારાજ ૪ અને પંજાબના પરમોપકારી સુપ્રસિદ્ધ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજની હયાતીમાં ૧૯૩૦ ની સાલમાં ભાદરવા શુદ બે પાંચમોના બદલે બે ચોથો માની બીજી ચોથે અને ૧૯૩૧ ની સાલમાં ભાદરવા શુદિ બીજી ચોથે જ છમચ્છરી કરવામાં આવી છે.

વળી ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરિજીની હયાતીમાં ૧૯૫૭ ની સાલમાં પણ ભાદરવા શુદિ બીજી ચોથે જ છમચ્છરી થઈ છે.

સંવત ૧૯૩૦ થી ૧૯૫૭ સુધીમાં જે પ્રમાણે છમચ્છરી કરવામાં આવેલ છે તે જ પ્રમાણે ગયે વર્ષે ૧૯૯૨ ની સાલમાં બે પાંચમોના બદલે બે ચોથો માની ભાદરવા શુદિ બીજી ચોથ રવિવારના છમચ્છરી કરી છે અને આ વર્ષે ૧૯૯૩ માં પણ એ જ પ્રમાણે એટલે ભાદરવા શુદિ બે પાંચમને બદલે બે ચોથ માની ભાદરવા શુદિ બીજી ચોથ ગુરૂવાર તા. ૯-૯-૧૯૩૭ ના રોજે જ છમચ્છરી પર્વ કરવામાં આવશે.

આ ઉપરથી અમદાવાદ ડેલાના ઉપાશ્રયે તપાસ કરાવતાં હાલ તુરતમાં આટલા સમાચાર મળ્યા છે કે ૧૯૩૧ માં ભાદરવા શુદિ બીજી ચોથ શનિવારે છમચ્છરી થઈ છે. જો બીજાઓ પણ પોતાપોતાના ગામ કે નગરોના ધર્માદા ખાતાના ચોપડાઓ તપાસશે તો આશા છે કે આજકાલ કેટલાક જીવોને અમુક કદાગ્રહ થઈ રહેલ છે તે આપોઆપ શાંત થઈ જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

૧ **શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી જયંતી મહોત્સવ**—લેખક મુનિ શ્રી **જ્ઞાનસુંદરજી** મહારાજ. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ એક પ્રભાવિક પુરૂષ હતા. તેઓશ્રીએ **જૈન સમાજ** ઉપર પોતાની વિદ્યમાનતામાં શું શું ઉપકારો કર્યા છે ? તેઓ કેવા વિદ્વાન તથા ચમત્કારી પુરૂષ હતા ? શિષ્ય પરિવાર કેટલો હતો ? વિગેરે વર્ણન અનેક ગ્રંથોના લેખક મુનિરાજ શ્રી જ્ઞાનસુંદરજી મહારાજે હિંદી ભાષામાં આ ગ્રંથમાં જણાવેલ છે. મહાન્ પુરૂષોના ઉપકાર અને ગુણો સંભારી અને તેટલું જીવનમાં ઉતારવા માટે જયંતિ ઉજવવાનો હેતુ હોય છે. દરેક વર્ષની માઘ સુદિ પૂર્ણિમાએ આ મહાપુરૂષની જયંતિ ઉજવવા લેખક મુનિશ્રીએ સૂચના કરી છે. ચરિત્ર વાંચવા યોગ્ય છે. આ ગ્રંથમાં સુંદર છબી આપી તેની સુંદરતામાં વૃદ્ધિ કરી છે.

૨ **ઓશવાળોત્પત્તિ વિષયક શંકાઓકા સમાધાન**—ઓસવાળની ઉત્પત્તિ સંબંધી શંકાઓનું સમાધાન આ બુકમાં શાસ્ત્ર અને ઇતિહાસના આધારે દલીલપૂર્વક આપવામાં આવ્યું છે, જે વાંચવા યોગ્ય છે. લેખક શ્રી જ્ઞાનસુંદરજી મહારાજે આ ગ્રંથ સુંદર હિંદી ભાષામાં સરલ અને વિશ્વસનીય રીતે લખ્યો છે. બંને ગ્રંથોના પ્રકાશક શ્રી રત્નપ્રભાકર જ્ઞાન પુષ્પમાળા–ફલોધી ( મારવાડ ).

૩ **શ્રી સુમતિરત્નસૂરિ જૈન લાઇબ્રેરી,** ખેડા—સં. ૧૯૨૧ થી સં. ૧૯૩૬ સુધીનાં આવક–જાવકના હિસાબનું સરવૈયું. તેત્રીશ વર્ષથી સ્થપાયેલ આ લાયબ્રેરી પોતાના ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરે છે. રિપોર્ટ વાંચતા આવક–જાવકનો હિસાબ યોગ્ય લાગે છે. અમો તેની વિશેષ પ્રગતિ ઇચ્છીએ છીએ.

---

**અમો શ્રી જૈન મંદિર, ઉપાશ્રયાદિ ધર્માદા ખાતાના વહીવટદારોને આગ્રહપૂર્વક જણાવીએ છીએ કે સંવત ૧૯૩૦ થી આજ સુધીના પોતાના ચોપડાઓ તપાસી છમચ્છરી સંબંધી નામુ મળી આવે તો જરૂર છાપાદ્વારા પ્રસિદ્ધ કરી લોકોને જાણવાનું મળે અને જૈન સંસારમાં શાંતિ પ્રસરે એવો ઉદ્યમ કરશો.**

**ખંભાત** તા. ૪–૫–૩૭
અંબાલાલ પાનાચંદ **જૈન** ધર્મશાળા

**વિજયવલ્લભસૂરિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુનિરાજ શ્રી હિમાંશુવિજયજીનો સ્વર્ગવાસ



પોતાના વિદ્વદ્વર્ય ગુરૂરાજ શ્રી **વિદ્યાવિજયજી** મહારાજની સાથે કરાંચીના જૈન સંઘની વિનંતિ ઉપરથી અનેક લાભોનું કારણ જાણી કરાંચી વિહાર કરી જતાં હૈદ્રાબાદ નજીકના હાલા ગામમાં મેલેરીયાના વ્યાધિથી તેત્રીશ વર્ષની ભરયુવાન વયે મુનિરાજ શ્રી હિમાંશુવિજયજીનો સ્વર્ગવાસ થયો છે. આટલી નાની વયમાં કાવ્ય, ન્યાય, સાહિત્ય, પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી અને હિંદી ભાષાના નિષ્ણાત થવા સાથે વિશાળ વિદ્વત્તા, કવિ, વક્તા, ઇતિહાસપ્રેમી અને અજોડ લેખક હતા. ચારિત્રનું પાલન પણ સુંદર હતું. જૈન સાધુઓમાં ગણ્યાગાંઠ્યા વિદ્વાન મુનિઓમાં તેઓશ્રીનું સ્થાન ચોક્કસ હતું. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના હાથ નીચે કેળવાઇ પોતાની અનુપમ સુગંધ જન સમાજને આપતા હતા. તેનો વિશેષ વિકાસ થાય અને જૈન સમાજને વિશેષ લાભ મળે તે પહેલાં એક મુનિરૂપી સુંદર અને સુગંધી પુષ્પ કરમાઈ ગયું છે. જે માટે આ સભા પોતાની સંપૂર્ણ દિલગીરી જાહેર કરે છે એટલું જ નહિં પરંતુ જૈન સમાજને એક વિદ્વાન મુનિરત્નની ખોટ પડી છે. પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂ. ૦-૨-૬
૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂ. ૦-૧૦-૦
૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એન્જ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂ. ૧-૪-૦ રૂ. ૧-૧૨-૦.
૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂ. ૦-૨-૦
૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ પૂજા સાથે. રૂ ૦-૪-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર. ( ભાષાંતર ) રૂ. ૦-૧૦-૦
૭ શ્રી વીશ સ્થાનક પદ પૂજા ( અર્થ, વિધિ-વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂ. ૦-૧૨-૦

---

## પ્રકાશન ખાતું.

### પ્રાચીન સાહિત્યના છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-પ્રથમ અંશ. રૂ. ૩-૮-૦
૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-દ્વિતીય અંશ. રૂ ૩-૮-૦
૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. રૂ. ૪-૦-૦
૪ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ. રૂ. ૬-૦-૦
૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) રૂ. ૨-૦-૦
૬ શ્રી ગુરૂતત્ત્વ વિનિશ્ચય. રૂ. ૩-૦-૦
૭ શ્રી જૈન મેઘદૂતમ્ રૂ. ૨-૦-૦

---

## છપાતાં ગ્રંથો.

૧ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ.
૨ શ્રી ગુણચંદ્રસૂરિકૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર
૩ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૪ શ્રી બૃહત્કલ્પ ત્રીજો ભાગ

---

## અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૩ ના આસો માસ સુધી શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦ | ૦-૩-૦ |

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

## શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ.

પૂજ્યપાદ્ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જન્મ શતાબ્દિના સ્મરણાર્થે આ ગ્રંથના પ્રકાશનમાં અનેક જૈન, જૈનેતર ને પાશ્ચિમાત્ય વિદ્વાનોના વિદ્વત્તાપૂર્ણ લેખો આપી આ ગ્રંથને અપૂર્વ બનાવ્યો છે, તેમજ છપાઇ. ફોટાઓ, બાઇંડીંગ વગેરે કાર્ય-ગ્રંથની સુંદરતામાં વધારો કરે છે. આ ગ્રંથના વિષયો ચાર વિભાગમાં વહેંચાયેલ છે.

| | |
|---|---|
| ૧ ઇંગ્લીશ લેખો ૩૫ | પૃષ્ઠ ૧૯૦ |
| ૨ હિંદી લેખો ૪૦ | પૃષ્ઠ ૨૧૭ |
| ૩ ગુજરાતી શ્રી આત્મારામજી મહારાજ વિષયક લેખો ૨૬ | પૃષ્ઠ ૧૪૪ |
| ૪ ગુજરાતી ઇતર વિષયક લેખો ૩૨ | પૃષ્ઠ ૧૬૦ |

મુનિમહારાજો, વિદ્વાનો, લેખકો અને ઐતિહાસિક સ્થળોના **આશરે દોઢસો ફોટાઓ** સુંદર આર્ટ પેપર ઉપર આવેલ છે; છતાં પ્રચાર અર્થે, મુદ્દલ કરતાં અધી કીંમત રૂા. ૨-૮-૦ રાખેલ છે. એક ગ્રંથનું વજન આશરે પાંચ રતલ હોવાથી બનતાં સુધી રેલ્વે પારસલદ્વારા જ મંગાવવા કૃપા કરવી.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

## શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

### ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only